ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
"જ્યોતિર્મય" પરિસર, શ્રી બાલાજી મંદિરની સામે,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ – 382 481
E-mail : feedback@baou.edu.in, Website : www.baou.edu.in

નં. બાઆંઓયુ/રજી./1148/૨૦૧૭ તા. ૦૬/૦૯/૨૦૧૭

## યુનિવર્સીટી દ્વારા યોજાતી કમ્પ્યુટર કૌશલ્યની C.C.C. અને C.C.C.+ અભ્યાસક્રમની તાલીમ અને પરીક્ષાની માન્યતા બાબત

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા ૧૯૯૪માં કરવામાં આવી હતી. રાજ્યનાં છેવાડાનાં વિદ્યાર્થી સુધી શિક્ષણ પહોંચે અને મહત્તમ વિદ્યાર્થીઓને શિક્ષણ મળે, તે હેતુથી આ યુનિવર્સિટી કાર્યરત છે. યુનિવર્સિટીનું મુખ્ય મથક અમદાવાદ ખાતે સ્થિત છે.

- ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૦૯-૨૦૦૬નું જાહેરનામુ અમલમાં આવ્યા બાદ દરેક સરકારી કર્મચારી/અધિકારીએ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે કમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષા સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો પરથી ફરજીયાતપણે પાસ કરવાની રહે છે.
- કમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ પરીક્ષા-તાલીમનો વ્યાપ વધારવા અંગે ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૧૦/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક અન્વયે કમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની તાલીમ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા સરકાર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને યુનિવર્સીટી સંલગ્ન કુલ ૧૮૧ તાલીમ કેન્દ્રો દ્વારા C.C.C./C.C.C.+ ની તાલીમ આપવા માન્ય તાલીમ કેન્દ્રોની યાદીમાં સમાવેશ કરવા ઠરાવેલ છે.
- તદુપરાંત, ઉપરોક્ત વિષય અંગે સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૧/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૧-ક અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને યુનિવર્સીટી સંલગ્ન કુલ ૧૮૧ માન્ય તાલીમ કેન્દ્રો માંથી કુલ ૪૩ કેન્દ્રોને C.C.C./C.C.C.+ની પરીક્ષાના આયોજન માટે માન્ય પરીક્ષા કેન્દ્રોની યાદીમાં સમાવેશ કરવા ઠરાવેલ છે.
- વધુમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને કમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષાનું આયોજન કરવા માટેની અનુમતિ આપવામાં આવેલ છે.

ઉપરોક્ત પરીક્ષા ગુજરાત સરકારના સા.વ.વિ.ના તા.૩૦/૦૯/૨૦૧૦૬ના જાહેરનામાથી નિયત કરાયેલ અભ્યાસક્રમ અને પરીક્ષા પધ્ધતિ (થીયરીના ૫૦ ગુણ + પ્રેક્ટીકલના ૫૦ ગુણ થઈને કુલ-૧૦૦ ગુણ) મુજબની લેવાશે.

યુનિવર્સીટીના સરકાર માન્યતા પ્રાપ્ત તાલીમ કેન્દ્રો અને પરીક્ષા કેન્દ્રો પરથી ફક્ત સરકારી નોકરીમાં ફરજ બજાવતાં કર્મચારીઓ/અધિકારીઓ માટે તાલીમ અને પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય
કા. કુલસચિવ